**<u>આંકલાવ ના મહે. જ્યુડી.મેજી.(ફ.ક.)સાહેબની કોર્ટમાં, મુકામઃ–આંકલાવ, જી.આણંદ.</u>**

<u>ક્રિમીનલ કેસ નં. ૨/૨૦૨૪</u>

<u>આંકઃ–</u>

ફરીયાદીઃ– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપીઃ– (૧) હુસેનખાન ઉર્ફે ગુલો કેશરીસિંહ રાજ (૨) શોકતઅલી ઉર્ફે બાપુ ઇનાયતઅલી સૈયદ

**<u>ગુન્હા ની વિગતઃ– જુગાર ધારા કલમ–૧૨ મુજબ</u>**

આરોપીને પોલીસ તપાસના કાગળો આપ્યા બાદ ગુના સંબંધે પ્લી રેકર્ડ કરતાં, તેમણે સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલ છે. આવા સંજોગોમાં તહોમતદારોને સજા થાય તો તેનુ કુટુંબ ભુખે મરે તેમ જણાય છે અને તહોમતદાર જેલમાં જાય તો રીઢો ગુનેગાર થાય તેવી શકયતા જણાય છે. જેથી અદાલત સમક્ષની આરોપીની પસ્તાવો વ્યકત કરતી કબુલાત ધ્યાને લઈ તેની આ કબુલાત સ્વૈચ્છીક જણાતા તેનો સ્વીકાર કરી **<u>નામ.ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.નં .૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર વિ, સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત ફરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા</u>** આરોપીને હળવી સજા કરવી વ્યાજબી માની નીચેનો હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ//</u>**

આ કામના આરોપીઓને કિ.પ્રો.કોડ કલમ–૨૫૨ મુજબ જુગાર ધારા કલમ–૧૨ મુજબના ગુનામાં કસુરવાન કરાવી પ્રત્યેક આરોપીને રૂા.૨૦૦/–(રૂપીયા બસોપૂરા) દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન– ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ રોકડ રકમ સરકારશ્રીમાં ખાલસા કરવી તથા બાકીના બિન કિમંતી મુદ્દામાલનો નાશ કરવો.

**નાઝરશ્રીએ કુલ રૂા. ૨૦૦ X ૦૨ (આરોપી ની સંખ્યા)= ૪૦૦/–વસુલવા.**

ઉપર્યુકત હુકમ આજ રોજ તા ૧૧ મી, માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ લોકઅદાલત વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬

આંકલાવ.

(એ. બી. સિંઘવી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક,
આંકલાવ.
( જી.જે.૦૧૫૮૬)

રૂા.૨૦૦/–(અંકે રૂપીયા બસો પુરા)X ૨ =૪૦૦/–
પહોચ નંબર...........થી વસુલ લીધા.
તા.૧૧/૦૭/૨૦૨૬

(નાઝરશ્રી)
જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ, આંકલાવ